**<u>ગીર સોમનાથ જીલ્લાના મહે. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. વેરાવળ</u>**

**સેશન્સ કેસ નં. ૦૭/૨૦૨૫**
**આંક–**

## <u>––:: તહોમતનામું ::––</u>

હું એન. સી. રાવલ, સેશન્સ જજ, ગીર સોમનાથ, વેરાવળ આથી તમો આરોપીઓ :–

**૧. આયશાબેન વા/ઓ જુમાભાઇ ઇસ્માઇલભાઇ સીપીયા**
ઉ. વ. ૫૦, ધંધો. માંસ મટન,
રહે. વેરાવળ, ભાલકા કોલોની, તા. વેરાવળ

**૨. મુસ્તાક ઉર્ફે સીદીકભાઇ અલ્લારખાભાઇ ચૌહાણ**
ઉ. વ. ૩૮, ધંધો. ખાટકી,
રહે. પ્રભાસ પાટણ, ચોગાનચોક, ખાટકીવાડા
તા.વેરાવળ.
વાળાઓ ઉપર નીચે મુજબનું તહોમતનામું ફરમાવું છું કે :–

(૧) તમો આરોપીઓએ ગઇ તા.૨૦.૦૪.૨૦૨૩ ના રોજ કલાક ૧૮/૦૦ વાગ્યે વેરાવળ સોમનાથ ટોકીઝ વિસ્તારમાં કિરમાણીનગરમાં તમો આરોપી નં. (૧) નાએ ગેરકાયદેસર રીતે તમારા કબજામાં હિન્દુ ધર્મની લાગણી દુભાઇ તે રીતે ગૌવંશ માસ મટનનો જથ્થો ભરેલ પ્લાસ્ટીકનું કેરેટ નંગ–૧ જેમાં ગૌમાંસ મીક્ષ મટન આશરે ૧૨ કિ. ગ્રા. જેની કિં. રૂા. ૧,૮૦૦/–ના મુદામાલ સાથે મળી આવી તથા તમો આરોપી નં. (૨) નાએ ગૌમાંસ મટનનો મુદામાલ પુરો પાડીને ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ઇ. પી. કોડની કલમ–૪૨૯, ૨૯૫, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫ (૧), ૬ (ખ) (૧), ૮(૧), ૮(૨), ૮(૪) તથા પશુ ઘાતકીકરણ–૧૯૬૦ ની કલમ–૧૧(એલ) (૧) તથા ધી પ્રાણી કુરતા નિવારણ (કતલખાના) નિયમો–૨૦૦૧, નિયમ–૩ તથા જી. પી. એકટની કલમ–૧૧૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

આમ, તમો આરોપીઓએ આ અદાલતની હકુમતમાં ઉપરોકત ગુનો આચરેલ હોય, તેથી આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી તમારી સામે આ અદાલતમાં ચલાવવામાં આવશે.

આ તહોમતનામું આજરોજ તારીખ : ૧૭મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને ફરમાવવામાં આવ્યું.

તા.૧૭.૦૨.૨૦૨૫
સ્થળ–વેરાવળ

**(નિપા ચંદ્રકાન્ત રાવલ)**
સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૩૭૦